## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

જેણે જન્મ ધર્યો છે,જગ પર કરવા માટે પાડ;
તડકામાં તત્પર ઊભું છે જો વગડાનું ઝાડ.
સૂરજને પણ કહી દે 'તારે ધખવું હોય તો ધખ",
મારા ખોળે આવેલાંને નહીં પડવા દઉં દખ.
ટાઢકનો પાલવ ઓઢાડી કરતું લીલાં ઝાડ,
તડકામાં તત્પર ઊભું છે, જો વગડાનું ઝાડ !

કિશોર બારોટ

### પાથેય

- રમેશ ઠક્કર

## જગતનો તારણહાર વૃક્ષ...

"વિશ્વ પર્યાવરણ દિવસ" છે..ઝાડ,પાણી, અને જમીન જેવા કુદરતી સ્રોતોનું બારેમાસ નિકંદન કાઢયા પછી આવો એકાદ દિવસ પસ્તાવો માટે અનામત રાખી આપણે પોતાની જાતને છેતરતા રહીએ છીએ..જગત આજે જે વિનાશના આરે લટકીને ઉભું છે એ ગમે ત્યારે ધરાશયી થઈ જાય એમ છે..પાણી બચાવો,જંગલની જાળવણી કરો કે જમીનને સાચવો આવી સલાહો અપાય છે..પરંતુ જયાં લગી આપણે પોતે જ જો આ બાબતે શિસ્તપાલન ના કરીએ તો આપણો સઘળો પરિશ્રમ એક નિરર્થક ઉપક્રમ બની જાય છે..

વૃક્ષ જગતને તારે એવું કહેવાયું છે..એટલું જ નહીં આજકાલના સિમેન્ટ કોંક્રીટના જંગલો વચ્ચે અસલી જંગલના વારસદાર એવા વૃક્ષોની ગેરહાજરી આપણને સહુને સતાવે છે..પોતાના અનુભવોમાંથી પણ કશું જ ના શીખે એનું નામ માણસ..ઉપકારની સામે એ હંમેશા અપકાર કરતો રહે છે..અને એના બદલામાં માઠાં ફળ પણ ભોગવતો રહે છે..જગતમાં પર્યાવરણની જે અસમતુલા રચાઈ છે એમાં આડેધડ કપાયેલાં ઝાડ માટેની આપણી બેદરકારી કે ગુનો કારણભૂત છે..વરસમાં એકાદ દિવસ આપણે પર્યાવરણ દિવસ કે વન મહોત્સવ કે વૃક્ષારોપણ કરી જે ઉપક્રમ કરીએ છીએ એ આખી ચાદરના લીરા ઉડાવ્યા પછી એકાદ બે થીગડાં મારવા જેવી બાલિશતા ગણી શકાય..પર્યાવરણ માટે બાહય જ નહીં આપણી અંદરનું વાતાવરણ પણ સંતુલિત હોય એ જરૂરી છે..! આપણે મનથી જો એનો મહિમા સમજીશું તો એની ઉપયોગિતા આપોઆપ સમજાશે...

આ વખતે કાળઝાળ ગરમીએ જે પરચો બતાવ્યો છે એ પદાર્થપાઠ જેવો છે..શહેરની સોસાયટીઓ કે સડકો વચ્ચે આપણી બેરહમીથી બચી ગયેલાં ઝાડ તાપના આ પ્રહાર સામે ઢાલ બનીને આપણી મદદ કરતાં રહ્યાં છે..આ એની ખાનદાની છે..આટલા જુલમ અને આડેધડ નિકંદન પછી પણ તરૂવર એ સંતજન તરીકેનો પોતાનો સ્વભાવ છોડતું નથી..જાણે જગત ઉપર ઉપકાર કરવા જ એણે જન્મ લીધો છે..વગડાને વાઢીને આપણે સપાટ મેદાનો બનાવી દીધાં છે..ઘટાટોપ વડલો કે હરીફરી સીમ કે ડાળ પાંદડાંથી લચી પડતા ગાડામારગ જાણે ગાયબ થઈ ગયાં છે.એ સાથે જ એક હૂંફ અને ટાઢક જાણે અલોપ થઈ ગઈ છે..એરકન્ડિશન્ડ અનુભૂતિ કરાવતી દીવાલો ગારમાટીની ભીંતો જેવી ભીનાશનો અનુભવ કરાવી શકતી નથી..આ વિપક્ષને નાથવા માટે વ્યક્તિગત રીતે જાગૃત થઈ એક જવાબદાર નાગરિક તરીકે પ્રદાન એ આજની જરૂરિયાત છે..

વિશ્વ પર્યાવરણ દિવસ પ્રતિ વર્ષ ઉજવાય છે..તડકા સામે તત્પર ઉભાં રહે એવાં વૃક્ષો વાવવાં અને એનું જતન કે માવજત કરવી એ આજની તાતી જરૂરિયાત છે..ઝાડ હશે તો આપોઆપ વરસાદ આવશે..વરસાદ હશે તો પાણી ચોમેર હશે..પાણી હશે તો પ્રકૃતિ ખીલશે..વનરાજી ને વૃક્ષો વધતાં હવા સહજપણે શુધ્ધ બનશે..પ્રાણવાયુ પારાવાર મળશે..ટટ્ટાર ઉભું રહેતું વૃક્ષ એ સૈનિક જેવું હોય છે..એ આપણને કેટકેટલી સલામતી આપે છે ? આજના આ દિવસે તત્પર ઉભેલા ઝાડને બચાવી લેવા માટે ઓકાત અક્ષરનો સંકલ્પ જો લઈ શકીએ તો પણ આજની ઘડી રળિયામણી ગણાય.

# વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી

**તંત્રીસ્થાનેથી...**

ગઈ કાલે આપણી નજર સામેથી વિશ્વ પર્યાવરણ દિવસ ગુજરી ગયો. આપણે એની નોંધ સુદ્ધા લીધી ખરી કે ? ઔપચારિક સરકારી ઉપક્રમો જરૂર ઉજવાયા હશે. ખરો પર્યાવરણ પ્રેમ તો માનવીના મનમાં ઊજવાવો જોઈએ. આપણને એ ઋષિઓએ વારસામાં આપ્યો છે અને ભલભલા મહારાજા પણ વય વધતાં વાનપ્રસ્થ થતા હતા. રાજમહેલ છોડીને તપોવનમાં રહેવા ચાલ્યા જતા હતા. મહત્ત્વની બાત એ છે કે એ જીવન વ્યવસ્થામાં પચાસમાં વર્ષની સમાપ્તિથી માંડી પંચોત્તેર વર્ષ સુધી વનવાસ કરવાનો હતો. અર્થાત્ પૂરાં પચ્ચીસ વર્ષ પ્રકૃતિને સમર્પિત કરવાની જીવન પદ્ધતિનો સાર્વત્રિક સ્વીકાર થયેલો હતો. એ પચ્ચીસ વર્ષો દરમિયાન આધ્યાત્મિક ચેતના જાગ્રત કરવાની રહેતી. પછી તો સંન્યસ્ત થઈ જવાનું. કુદરતને ખોળે જ કયાંક વૃક્ષોની ન્ઘટા વચ્ચે છેલ્લા શ્વાસ લઈ ઈશ્વર ઓપેલી જિંદગી ઈશ્વરને ચરણે ધરી દેવાની. કલાપીનું 'ભરત' ખંડકાવ્ય બહુ જાણીતું છે. રાજાઓનો રાજા ચક્રવર્તી ભરત ઉંમર થતાં વનમાં ગંદકી નદીના કાંઠે આશ્રમ બાંધીને રહે છે. ૐકારના રટણમાં દિવસો ચાલ્યા જાય છે. અને ત્યાં અચાનક પેલો મૃગલી વાળો પ્રસંગ બને છે. મોક્ષ માટે તપોવનમાં પ્રકૃતિના શરણે આવેલ રાજા મૃગશાવકના મોહમાં પડે છે. અને પછી એને એના પેટે અવતાર લેવો પડે છે. પ્રકૃતિ માનવીને મદદ રુપ થવા માગતી હોય છે. નદી, સમુદ્ર, પહાડ, વન - આ દરેક સાથે સમ્યક્ રીતે સંકળાઈને માનવી એના આજીવિકા રળતો રહ્યો છે. પ્રકૃતિનાં અંગભૂત જળસ્રોત કે વૃક્ષોનો સમ્યક્ વિનિયોગ કરવાને માનવીએ પોતાનો સ્વાર્થ સાધવા એનું નિકંદન કાઢવા માંડ્યુ એના ઉગ્ર સ્વરુપોનો પરચો આપ્યો. વાવાઝોડાં, પૂર, અતિવૃદ્ધિ, ધરતીકંપ, દુષ્કાળ - આ તમામ પ્રકૃતિના રોષ અને આક્રોશની અભિવ્યક્તિનાં જ વિવિધ રુપ છે.

પ્રકૃતિનો પરચો મળ્યા પછી થોડી જાગૃતિ જરૂર આવી છે. પ્રદૂષણ ઓછું કરવા માટે વૃક્ષો વાવ્યા વગર છૂટકો નથી. જે રીતે ગ્લોબલ વોર્મિંગ દિન પ્રતિદિન વધતું જાય છે તેની સામેનો એક માત્ર તરણોપાય છે. 'ગ્રીન કવર.' અમદાવાદ જેવા મહાનગરના તંત્રવાહકોને આ વાત સમજાઈ ગઈ છે અને રિંગ રોડથી લઈ ઠેકઠેકાણે વૃક્ષો ઉછેરાઈ રહ્યાં છે. ગાંધીનગર તો શરૂથી જ દેશનું હરિયાળું પાટનગર છે. અહીં પણ વિકાસમાર્ગોના પરિણામે વૃક્ષોની કતલ થતી રહે છે પણ સામે એથી વધુ વૃક્ષો ઉછેરવાનો સ્તુત્ય પ્રયાસ પણ થયો છે. પુનિતવન જેવા ઉદ્યાનોને કારણે રાજધાનિ રળિયાત છે. વિશ્વ પર્યાવરણ દિન વિશે લોકજાગૃતિના કાર્યક્રમો પણ થતા રહે છે. ખેતી સાથે સંકળાયેલા ગ્રામ સામાજને પણ વૃક્ષોની હાજરી કેટલી ઉપયોગી છે એની માહિતી અપાઈ રહી છે. બોરવેલ કરીને ધરતીના પેટાળને પોલું ઢંઢ કરી દીધા પછી નવી પેઢીના ખેડૂતો હવે વરસાદી પાણીના રિચાર્જ તથા સંગ્રહની કળા શીખ્યા છે. ખેત તલાવડી અને કલ્પસર જેવા સરકારી ઉપક્રમો ઉપરાંત નર્મદાનાં નીરથી સૂકા ભંઠ ઉત્તર ગુજરાતને હરિયાળું બનાવી શકાયું છે. વિશ્વ પર્યાવરણ દિવસે જ કેમ ? આપણે ત્રણસો ને પાંસઠે દિવસ પર્યાવરણની સુરક્ષા અને સંવર્ધન વિશે ચિંતન, મનન અને આચરણ કરવું જોઈએ. કનૈલાલાલ મુનશીએ વન દિવસ ઊજવવાની પ્રેરણા આપેલી. પછી તો ચકલી દિવસ પણ ઊજવાતો થયો છે. આપણા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની પંક્તિઓ અંકે કરવા જેવી છે :

વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો : વનોથી છે વનસ્પતિ...

આપણો વર્તમાન ગઝલ શાયર રમેશ ચૌહાણ લખે છે :

માણસોએ ઝાડવાં કાપી જગ્યા કરી છે,
રણ કહે છે : કયાં હું મારી મરજીથી આગળ વધું છું ?

# આધુનિક માણસે પીઠ પર ઓક્સિજનના બાટલા પહેરવા તૈયાર રહેવું પડશે ?







વિકાસના છંદે ચડલો માણસ પર્યાવરણની ઉપેક્ષા કરીને પોતાના જ પગ પર કુહાડો મારી રહ્યો છે. એ દિવસો બિલકુલ દૂર નથી કે વિશ્વનાં મોટાં શહેરોના રહીશોએ ઘરની બહાર નીકળતી વખતે ફરજિયાત પોતાની સાથે ઓક્સિજનનો બાટલો (કે એવું કોઈ ઉપકરણ) રાખવું જ પડશે. કોઈને આ કલ્પના વધારે પડતી લાગશે તો મને માફ કરજો, પણ આ સ્થિતિ હકીકત બનશે જ. ભારતનાં મોટાં શહેરોની હવા એ હદે પ્રદૂષિત થઈ ગઈ છે અને થઈ રહી છે કે શ્વાસમાં લેવા માટે શુદ્ધ હવા વાતાવરણમાં હશે જ નહીં. જો વ્યક્તિ અતિ પ્રદૂષિત હવા શ્વાસમાં લેશે તો બેભાન થઈ જશે, એને સખત ગભરામણ થશે અને તેનું મૃત્યુ થવાની શક્યતા પણ હશે એટલે શુદ્ધ હવાની સુવિધા કરવી જ પડશે. એ માટે જેની પાસે સગવડ હશે તે ઓક્સિજનના બાટલા જોડે રાખશે એટલે કે ૨૦૩૦ પછી વિશ્વનાં શહેરોમાં માસ્ક અને ઓક્સિજન શરીરનું એક અંગ બની જશે.

જેમ અત્યારે ઠેર ઠેર પેટ્રોલપંપ છે તે જ રીતે તમને એક-બે કીમીના અંતરે શુદ્ધ ઓક્સિજન આપતી ચેમ્બર્સ પણ જોવા પડશે. બહાર નીકળેલો માણસ એમાંથી નિયત દર આપીને ચોક્કસ સમય માટે શુદ્ધ હવા લેશે અને તાજોમાજો થશે. શ્વાસમાં હવા માટે પૈસા આપવા પડશે. પ્રિ-પેઈડ અને પોસ્ટ પેઈડ જેવાં કાર્ડ પણ હશે. જેમ હૃદય સાથે સંકળાયેલા હાઈ-બીપી અને લો-બીપીને માપીને દવા લેવાય એ જ રીતે ફેફસાંની ક્ષમતા પ્રમાણે હવા લેવાશે.

કોરોનાના અણધાર્યા અને મરણતોલ અનુભવ પછી આપણે જાગી જવાની જરૂર છે. વિકાસની લાયમાં આપણે પર્યાવરણનો ખુડદો બોલાવી દીધો છે. આપણે બેફામ થઈ ગયા છીએ. ખરેખર તો આપણી, મનુષ્ય જાતિની બુદ્ધિ બહેર મારી ગઈ છે. આપણે એ હદે પ્રકૃતિને નુકશાન કરી રહ્યા છીએ કે સામાન્ય સેન્સ પણ ગુમાવી બેઠા હોઈએ એવો ઘાટ છે.

આપણું શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે. એ પાંચે તત્ત્વોને પ્રદૂષણ આભડી ગયું છે. આપણે પહેલાં તો પાણીને પ્રદૂષિત કરી નાખ્યું. એક તો શરીર માટે ઉપયોગી હોય તેવું પાણી ઓછું અને જે છે તે શુદ્ધ નથી. આપણે હવાને બગાડી નાખી. પ્રકૃતિએ સાવ જ મફતમાં આપેલી હવાને પણ માણસજાત બગાડી નાખે તેને પરાક્રમ કહેવું કે મુર્ખામી ગણવી ?

માણસજાતે ધરતી માતાને, જમીનનો હવે વારો લીધો છે. કેમિકલ્સ નાખીને આપણે જમીનને પણ ઝેરી કરી નાખી છે. આપણે અત્યારે જે ખાઈએ છીએ તે કેમિકલ્સયુક્ત ઝેરીલો ખોરાક જ ખાઈએ છીએ. એટલે તો ઘરે ઘરે કેન્સરના ખાટલા થઈ રહ્યા છે. પાંચ તત્ત્વોમાં બાકી રહ્યાં બે તત્વો: અગ્નિ અને આકાશ. હજી સૂર્યને આપણે અડી કે નડી શક્યા નથી. એ દાદાને વિક્ષેપ કરવાનું સહેલુંય નથી. અગ્નિ તત્વ અને અવકાશ તત્ત્વ હજી થોડાંક બચ્યાં છે.

જે રીતે ગ્લોબલ વોર્મિંગ વધ્યું છે, ઓઝોનનાં પડ પર પડ ઉખડી રહ્યાં છે, પૃથ્વીને આવેલો તાવ ઉતરવાનું નામ નથી લેતો, પૃથ્વી પરથી સમયાંતરે જીવસૃષ્ટિની પ્રજાતિઓનો વિનાશ થઈ રહ્યો છે, ઠંડી-ગરમીના ભેદ ભૂલાઈ રહ્યા છે, પહાડો ઓગળી રહ્યા છે... તે કંઈ સારા સંકેતો નથી. પર્યાવરણ દિવસ એ કંઈ ઉજવવાનો વિષય નથી, સુધરવાનો અને અમલમાં મૂકવાનો દિવસ છે. વાતો કરવાથી, પરિસંવાદો અને વેબિનાર કરવાથી, ગોષ્ઠિઓ ગોઠવવાથી, એ વિષય ભણવા-ભણાવવાથી કંઈ માઠા દિવસો પાછા ઠેલી શકાવાના નથી.

બગડતું-લંગડાતું- વિખરાતું પર્યાવરણ એ અતિ-અતિ ગંભીર વિષય છે. ખૂબ જ ઝડપથી વિશ્વએ પર્યાવરણને બચાવવા યુદ્ધના ધોરણે પગલાં ભરવાં જોઈએ નહિંતર કોરોના તો બચ્ચુ પણ ના કહેવાય તેવી અતિ ગંભીર મહામારીઓ આવશે. આજે તો માસ્ક પહેરીને જીવી શકાય છે, પણ ત્યારે તો જીવવા માટે રીતસર હવાતિયાં મારવાં પડશે.

આવું લખતાં મને ભારોભાર દુઃખ થઈ રહ્યું છે પણ મને જે દેખાઈ રહ્યું છે તે લખું છું. વર્ષો પહેલાં અમદાવાદમાં પર્યાવરણ મિત્ર નામનું સામયિક શરૂ થયેલું. તેના તંત્રી મહેશ પંડ્યા (જે હવે તો પર્યાવરણ શાસ્ત્રી તરીકે ખ્યાત છે.)એ મારી પાસે લેખ લખાવડાવેલો. મેં એ લેખમાં આગાહી કરી હતી કે પર્યાવરણ વેરો ભરવા તૈયાર રહેજો. એવું બન્યું. પર્યાવરણ મિત્રને ૧૦ વર્ષ થયાં ત્યારે મારો એ લેખ પર્યાવરણ મિત્રમાં પુનઃ પ્રકાશિત કરાયેલો... આપણને માઠી આગાહી કરવાનું તો ના જ ગમે, પણ જો સાચી ચેતવણી ના આપીએ તો ફરજ ચૂકીએ. એટલે આટલું લખવું પડ્યું.

**ગોધૂલિઃ**

'આ પૃથ્વી પર તમામની જરૂરિયાતોને પૂર્ણ કરી શકાય તેટલી સંપદા છે, પણ તમામના લોભને સંતોષી શકાય તેટલી સંપદા નથી. '

ફ્રેક બુચમેન (Frank Buchman)

### દિન મહિમા

- વિશ્વ જંતુ દિવસ

### આજનું ઔષધ

- અરડૂસીના પાન અને ફૂલને ધોઈને કાઢેલા ત્રણથી ચાર ચમચી જેટા રસમાં બે ચમચી મધ અને એક ચમચી સાકર નાખી સવાર-સાંજ પીવાથી કમળાનો નાશ થાય છે.

### ખડખડાટ

- છત્રી ભલે લેડીઝ હોય પણ વાવાઝોડામાં એ કાગડો જ થાય 'કાગડી'નો થાય.

### આજનો વોટ્સએપ

- ગૂંચવાય છે જિંદગી ત્યારે જ સમજાય છે જિંદગી.

# પર્યાવરણની જાળવણી અંગેની બેદરકારી પ્રકૃતિના નુકસાન માટે જવાબદાર




ડિયર મોનસુન
કેરળ-તમિલનાડુથી ગુજરાત સુધી પહોંચતા આટલી બધી વાર?
જલ્દી આય ભાઈ, અહીંયા એસીનાં બિલો વધે છે.
રસ્તાઓ ધોવાઈ જવા માટે બેબાકળા બન્યા છે.
કોન્ટ્રાક્ટરોનાં છોકરાં નવી ગાડી માટે કજિયો કરે છે,
ને એના પપ્પાઓ "એક વરસાદ પડી જવા દે" એવા વાયદાઓ કરે છે.
ઘણા બધાને સ્વિમિંગ શીખવું છે, રેઈનકોટ-છત્રીઓ માર્કેટમાં ખડકાઈ ગયા છે, પણ તારા અભાવે વકરો શરુ થવાને વાર છે.
દાળવડાં - ભજિયાં વગર લોકોની આંતરડી કકળે છે.
ફેસબુક પર સેલ્ફીઓ પણ સાવ નપાણિયા થઈ ગયા છે.
ટિટોડીનાં ઈંડામાંથી બચ્ચા પણ આવી ગયા ને
સૂકવેલા ગોટલાના મુખવાસ પણ બની ગયા.
તારા વગર "અમી છાંટણાં', "ધડાકાભેર', 'મેઘસવારી', 'સર્વત્ર શ્રીકાર', 'નવી આવક, 'જળબંબાકાર', "સાંબેલાધાર', 'ઓવરફલો', "ખતરાના નિશાનની ઉપર, ઠેરઠેર ભૂવા પડ્યા," જેવા શબ્દપ્રયોગો વિના ગુજરાતી ભાષા ઓક્સિજન લેવા માંડી છે. હજારો દેડકાઓ અને કરોડો કવિઓ પણ તારા વિના ટળવળે છે. તારા વિના પલળેલાં ભીનાં વદન'નાં લેખો સૂકાભઠ ચિંતનાત્મક થઈ ગયાં છે. અમારી ભાષા મરી પરવારશે એનું તને કંઈ ભાન છે? એટલે ભાઈ, તને પણ વિજય માલ્યાની જેમ ભાગેડુ જાહેર કરાય એ પહેલા આવી જા.

- લિખિતંગ
ટુવાલથી પરસેવો લૂછતો એક કોરોધાકોર ગુજરાતી. (અજ્ઞાત)

ગરમી, પરસેવો, કંટાળો આ બધું જ ચરમસીમાએ પહોચે પછી જ વરસાદનું આગમન થાય છે. જે રીતે સૂર્યોદય પહેલા સૌથી વધુ ગાઢ અંધકાર હોય છે. તેમજ સૌથી વધુ અસહ્ય બફારા બાદ અમીછાંટણા ધરતીને અને માનવ મનને ભીજવે છે. માનવીને સરળતાથી કે મફતમાં મળનારી કોઈ બાબતની કદર કયારેય થઈ જ નથી અને માટે જ ઈશ્વર વચ્ચે-વચ્ચે તેની આકરી કસોટી કરીને પોતાની સર્વોપરી સત્તાના હોવાનો અહેસાસ માનવ કરાવી દે છે. ત્યારે વ્યક્તિને ખ્યાલ આવે છે કે પોતે કેટલો વામણો, પામર અને લાચાર છે. આડેધડ વૃક્ષોનું છેદન ગ્લોબલ વોર્મિંગ, પર્યાવરણની જાળવણી અંગેની બેદરકારી આ તમામ પરિબળો પ્રકૃતિના નુકસાન માટે જવાબદાર છે. માટે વરસાદ પણ કંટાળીને કહેતો હશે.

મારા માટે તું આમ કરગર્યા ન કર !
સાવ આડેધડ વૃક્ષો કાપ્યા ન કર !
કાર્બન', 'ગ્રીન હાઉસ વાત કર,
વાતોના વડાથી જખમ ખણ્યા ન કર !
વાદળો બનાવવા રોજ મથ્યા કરું છું,
તું ઓઝોનમાં ગાબડાં પાડ્યા ન કર !
સૂકીભઠ્ઠ ધરા તો છે મારી પ્રિયતમા,
મને પ્રિયતમાથી દૂર રાખ્યા ન કર !
સમયસર આવતો રહીશ, શર્ત એટલી,

- મુકુંદરાય પરાશર્ય

પ્રકૃતિ સાથે આમ ખેલ્યા ન કર !"

કોઈ પણ વસ્તુની કદર આપણને એ હાથમાંથી સરી જાય ત્યારે જ કેમ થતી હશે ? એ ઉંમર હોય, તંદુરસ્તી હોય કે પછી પ્રાકૃતિક સૌદર્ય. માતાપિતા જયારે બાળકને વારસામાં સંસ્કાર, સંપત્તિ અને સુખસગવડના તમામ સાધનો આપે છે ત્યારે તેમને અપેક્ષા હોય છે કે તેમણે આપેલા વારસાને બાળક જાળવે, તેનું જતન કરે અને પોતાનો વિકાસ કરે. એ જ રીતે પરમકૃપાળુ ઈશ્વરે આ સુંદર સૃષ્ટિ અને સુંદર મનુષ્યનું સર્જન કર્યું હશે ત્યારે તેમણે પણ વિચાર્યું હશે કે આપણે આપણને મળેલા આ અમૂલ્ય વારસાનું જતન કરીશું. પરંતુ, જયારે મનુષ્ય પોતાનું જીવન ખરાબ રીતે પસાર કરે છે કે જન કરે ત્યારે ઈશ્વરને પણ કેટલું દુઃખ થતું હશે ! ઈશ્વરે આપણા દરેકના હાથમાં એક કોરા કેન્વાસ પેપર જેવું જીવન મૂક્યું છે. હવે તેમાં સુંદર રંગો ભરીને તેમાંથી મંત્રમુગ્ધ કરી મૂકે એવું સુંદર ચિત્ર દોરવું કે આડેધડ લીટા પાડીને જોવું પણ ન ગમે તેમ તેને કાગળનો ડૂચો બનાવી દેવો એ આપણા હાથની વસ્તુ છે. જે છે, જે મળ્યું છે એમાંથી સૌથી સર્વશ્રેષ્ઠ સર્જન કરીને પોતાનું જીવન તેમજ જીવન આપનાર પરમાત્માને પણ આનંદિત કરી દેવા સંતુષ્ટ કરવા એ આપણી નૈતિક ફરજ ગણાય.

વરસાદ આવે ત્યારે એને મનભરીને માણીએ, ઉનાળામાં પણ આપણી આસપાસ પાણીની પરબ કે છાંયો આપનાર વૃક્ષોનું જતન એમ કોઈ પણ પ્રકારે કુદરતની રચેલી આ સુંદર સૃષ્ટિને અને આપણા મનુષ્ય અવતારને વધાવીએ તો આપણું જીવન તો સુંદર બનશે જ પણ જીવન આપનાર પરમાત્મા પણ તેનાથી ખુશ થઈ જશે અને તેમને પણ પોતાના આ સર્જન માટે એક સંતોષની લાગણી અનુભવાશે. વરસાદ, ભીજાવું, બાળપણ, કાદવકીચડ, ભજિયા-દાળવડા, ભીની માટીની કોઈ પણ મોઘા પરફ્યુમમાં પણ ન મળી શકે એવી મીઠી મહેક, રંગબેરંગી છત્રી-રેઈનકોટ, રજા પાડવા માટેનું વ્હાલું આ તમામ માટે આપણે ઝંખી રહ્યા છીએ ત્યારે આવો સૌ સાથે મળીને નાના બાળકની જેમ જિદ્દ કરીને બૂમરાણ મચાવીએ એટલે તેનો શોરબકોર છેક આકાશ સુધી જરૂર પહોચશે ને કંટાળીને વરસાદને વરસવું જ પડશે.

**Last Seen :**

બહાર વરસાદ પડતો હતો,
ન્હાના બાળકની જેમ ઉભા ઉભા
હોવાનું મન થાય
એટલો બધો ધોધમાર
જાણે કે પ્લાસ્ટિકના રેઈનકોટની અપેક્ષાએ
શહેરના મકાનો પણ ન છૂટકે ન્હાતા હતા
વૃક્ષોને અંગે અંગે લીલો રંગ ઉતરતો હતો
દેડકાનો અવાજ પણ ભીનો થઈ ઊઠ્યો
ત્યારે શહેરનો કવિ ટેક્ષીના સંરક્ષણ હેઠળ
"The Poetry Review ના પાનાં ઉછલાવતો
કયાં જઈ રહ્યો હતો?

- સુરેશ દલાલ

- nehalgadhavi101@gmail.com

# ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ મુજબ સ્થાવર મિલકત અંગેની તકરારો અંગેની સમજૂતી




ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ નાં પ્રકરણ-૧૦ કે જેમાં જાહેર વ્યવસ્થા અને સુલેહ શાંતિ જાળવવા બાબતેની જોગવાઈ કરવામાં આવી છે. પ્રકરણ-૧૦માં ગેરકાયદેસર મંડળીઓ, જાહેર ત્રાસદાયક બાબતો, ત્રાસદાયક બાબત અથવા ભયના અંદેશાના તાકીદનાં પ્રસંગો, સ્થાવર મિલકત અંગેની તકરારો જેવી વિવિધ પ્રકારની જાહેર વ્યવસ્થા અને સુલેહ શાંતિ જાળવવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

સ્થાવર મિલકત અંગેની તકરારોમાં સી.આર.પી.સી.ની કલમ-૧૪૫ કે જે જમીન કે પાણી અંગેની તકરારથી સુલેહનો ભંગ થવા સંભવ હોય ત્યારે કલમ-૧૪૬ કે જે તકરારી મિલકત જપ્તિમાં લેવા અને રિસીવર નીમવાની સત્તા છે, જ્યારે કલમ-૧૪૮ કે જે જમીન કે પાણીના ઉપયોગના હક્ક અંગેની તકરારો અંગેની છે.

ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૭ જમીન કે પાણીનાં ઉપયોગના હક અંગેની તકરારો અંગેની જોગવાઈમાં કલમ-૧૪૭(૧) મુજબ પોલીસ અધિકારીનાં રીપોર્ટ ઉપરથી કે બીજી માહિતી ઉપરથી કોઈ એક્ઝીક્યૂટિવ મેજીસ્ટ્રેટને જ્યારે પણ ખાતરી થાય કે, પોતાની સ્થાનિક હકૂમતમાં કોઈ જમીન કે પાણીની વપરાશ સુખાધિકાર તરીકેનાં કે અન્ય પ્રકારનાં કોઈ કહેવાતા હક સંબંધમાં સુલેહનો ભંગ થવા સંભવ હોય તેવી તકરાર ચાલે છે, તો તેણે પોતાને એ રીતે ખાતરી થવાનાં કારણો જણાવીને અને લેખિત હુકમ કરીને એવી તકરાર સાથે સંબંધ ધરાવતા પક્ષકારોને નિર્દિષ્ટ કરેલી તારીખે અને સમયે જાતે કે વકીલ મારફતે પોતાના ન્યાયાલયમાં હાજર થવા અને પોતપોતાના હક દાવાનાં લિખિત કથન રજૂ કરવા ફરમાવવું જોઈશે. કલમ-૧૪૭(૨) મુજબ મેજીસ્ટ્રેટ ત્યાર પછી રજુ કરેલા નિવેદનો વાંચી પક્ષકારોને સાંભળી, તેઓ પોતપોતાના રજુ કરે તે તમામ પુરાવા ધ્યાને લઈ એવા પુરાવાની અસર બાબત વિચારી પોતાને જરૂરી લાગે તેવો વધુ પુરાવો હોય તે લઈને અને શક્ય હોય તો, એવો હક છે કે કેમ તેનો નિર્ણય કરશે અને એવી તપાસની બાબતમાં કલમ-૧૪૫ની જોગવાઈઓ શક્ય હોય ત્યાં સુધી લાગુ પડશે. કલમ-૧૪૭(૩) મુજબ તે મેજીસ્ટ્રેટને એવું જણાય કે, એવો હક્ક છે તો, તેવા હકનાં ભોગવટો કરવામાં દખલગીરી ન કરવાનો તે હુકમ કરી શકશે, અને યોગ્ય હોય ત્યારે, એવા કોઈપણ હક ભોગવટામાં અડચણ હોય તો તેને દૂર કરવાનાં હુકમનો પણ તેમાં સમાવેશ કરી શકશે, પરંતુ એવો હક વર્ષ દરમિયાન ગમે તે સમયે ભોગવી શકાય તેવો હોય ત્યારે, જેના ઉપરથી પોલીસ તપાસ શરૂ થયેલ હોય તે પોલીસ અધિકારીનો રીપોર્ટ કે બીજી માહિતી પેટા કલમ-(૧) હેઠળ મળ્યાની તરત પહેલાનાં ત્રણ મહીનાની અંદર એવો હક્ક ભોગવવામાં આવ્યો ન હોય તો અથવા કે હક ફક્ત અમુક મોસમમાં કે અમુક પ્રસંગોએ ભોગવી શકાય તેવ હોય ત્યારે એવી રીતે રિપોર્ટ કે માહિતી મળ્યા પહેલાની છેલ્લી મોસમ દરમિયાન કે છેલ્લા પ્રસંગે તે હક્ક ભોગવવામાં આવ્યો ન હોય તો તેવો, કોઈ હુકમ કરી શકાશે નહિ.

સી.આર.પી.સી. ની કલમ-૧૪૭(૪)ની જોગવાઈ મુજબ, સી.આર.પી.સી. નીકલમ-૧૪૫ની પેટા કલમ-(૧) હેઠળ શરૂ કરાયેલી કોઈપણ કાર્યવાહીમાં મેજીસ્ટ્રેટને એવું જણાય કે, તકરાર, જમીન કે પાણીનો ઉપયોગ કરવાનાં કહેવાતા હક સાથે સંબંધ ધરાવે છે, ત્યારે પોતાનાં કરાણોની નોંધ કર્યા પછી તે, કાર્યવાહી પેટા કલમ-(૧) હેઠળ શરૂ કરવામાં આવી હોય તેમ તેને ચાલુ રાખી શકશે, અને પેટા કલમ-(૧) હેઠળ શરૂ કરાયેલ કોઈ કાર્યવાહીમાં મેજીસ્ટ્રેટને એવું જણાય કે, તકરારની તજવીજ કલમ-૧૪૫ હેઠળ થવી જોઈએ, તો પોતાનાં કારણોની નોંધ કર્યા પછી તે કાર્યવાહી કલમ-૧૪૫ની પેટા કલમ-(૧) હેઠળ શરૂ કરવામાં આવી હોય તેમ કાર્યવાહી ચાલુ રાખી શકશે.

સ્થાવર મિલકત અંગેની તકરારોમાં કલમ-૧૪૫માં જમીન કે પાણી અંગેની તકરારથી સુલેશનો ભંગ થવા સંભવ હોય ત્યારે કાર્યરીતિ અંગેની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં કલમ-૧૪૫(૧) માં પોલીસ અધિકારીના રિપોર્ટ ઉપરથી અથવા બીજી માહિતી ઉપરથી કોઈ એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટને જ્યારે પણ ખાતરી થાય કે પોતાની સ્થાનિક હકૂમતમાં કોઈ જમીન કે પાણી અથવા તેની હદ અંગે જેનાથી સુલેહનો ભંગ થાય એવી તકરાર ચાલે છે ત્યારે, તેણે પોતાને એવી ખાતરી થવાનાં કારણો જણાવી લિખિત હુકમ કરીને એવી તકરાર સાથે સંબંધ ધરાવતા પક્ષકારોને નિર્દિષ્ટ કરેલી તારીખે અને સમયે જાતે કે વકીલ મારફત પોતાના ન્યાયાલયમાં હાજર થવા અને તકરારી મિલકત ખરેખર કબજામાં છે તે હકીકત અંગે પોતપોતાના હક દાવનાં લિખિત કથન રજૂ કરવા ફરમાવવું જોઈશે. કલમ-૧૪૫(૨)ની જોગવાઈ મુજબ, આ કલમના હેતુઓ, માટે જમીન કે પાણી એ શબ્દોમાં મકાનો, બજારો, મત્સયક્ષેત્રો, પાક અથવા જમીનની બીજી પેદાશ અને એવી કોઈ મિલકતનાં ભાડા કે નફાઓનો સમાવેશ થાય છે. કલમ-૧૪૫(૩)ની જોગવાઈ મુજબ, તે હુકમની એક નકલ, મેજીસ્ટ્રેટ આદેશ આપે તે વ્યક્તિ કે વ્યક્તિઓ ઉપર, સમન્સ બજાવવા માટે આ અધિનિયમમાં ઠરાવેલી રીતે બજાવવી જોઈશે, તેની એક નકલ તકરારી મિલકત હોય તે સ્થળ કે તેની નજીકમાં સહેલાઈથી દેખાય તેવી જગ્યાએ ચોડીને પ્રસિધ્ધ કરવી જોઈએ. કલમ-૧૪૫(૪) ની જોગવાઈ મુજબ ત્યાર પછી મેજીસ્ટ્રેટ એવા કોઈ પક્ષકારના તકરારી મિલકતનાં કબજા હકનાં ગુણદોષ કે હકદાવામાં ઉતર્યા વિના રજુ થયેલા કથનો સાંભળશે, પક્ષકારને સાંભળશે અને શક્ય હોય તો, પેટા કલમ-(૧) હેઠળ પોતે કરેલા હુકમની તારીખે તકરારી મિલકત પક્ષકારો પૈકીના કોઈના કબજામાં હતી કે કેમ અને જો તેમ હોય તો કોના કબજામાં હતી તેનો નિર્ણય કરવો જોઈએ, પરંતુ મેજીસ્ટ્રેટને એવું જણાય કે પોલીસ અધિકારનો રિપોર્ટ કે બીજી માહિતી પોતાને મળી તે તારીખની તરત પહેલાંનાં બે મહિના દરમિયાન અથવા તે તારીખ પછી અને પેટા કલમ-(૧) હેઠળનાં તેના હુકમની તારીખ પહેલાંનાં બે મહિના દરમિયાન અથવા તે તારીખ પછી અને પેટા કલમ-(૧) હેઠળના તેના હુકમની તારીખ પહેલા કોઈ પક્ષકાર પાસેથી બળજબરીથી અને ગેરકાયદે કબજો છીનવી લેવામાં આવ્યો છે તો, તેવી રીતે જેની પાસેથી કબજો છીનવી નવી મિલકત લીધેલ હોય તે પક્ષકારને પેટા કલમ-(૧) હેઠળનાં તેના હુકમની તારીખે કબજેદાર પક્ષકાર તરીકે ગણશે.

સી.આર.પી.સી. ની કલમ-૧૪૫(૫)ની જોગવાઈ મુજબ, કોઈ તકરાર ચાલુ નથી અથવા ચાલુ ન હતી તેવું દર્શાવવામાં એ રીતે હાજર થવા માટે ફરમાવેલ કોઈ પણ પક્ષકારને અથવા તેમાં હિત ધરાવનાર અન્ય કોઈ વ્યક્તિને આ કલમનાં કોઈપણ મજકુરથી બાધ આવશે નહિ, અને તેમ દર્શાવવામાં આવે ત્યારે, મેજીસ્ટ્રેટે પોતાને સદરહું હુકમ રદ કરશે અને તે સંબંધી ત્યાર પછીની તમામ કાર્યવાહી સ્થગિત કરી દેશે, પરંતુ તે પ્રમાણે રદ થવાને આધીન રહીને પેટા કલમ-(૧) હેઠળનો મેજીસ્ટ્રેટનો હુકમ આખરી રહેશે. કલમ-૧૪૫(૬)(ક) ની જોગવાઈ મુજબ, મેજીસ્ટ્રેટ એવો નિર્ણય કરે કે સદરહું મિલકત પક્ષકારોમાંથી કોઈ એકનાં કબજામાં હતી અથવા પેટા કલમ-(૪)ના પરંતુક હેઠળ તેનાં કબજામાં હતી તેમ ગણશે, તો તે પક્ષકાર પાસેથી કાયદાની રૂએ કબજા છોડાવવામાં ન આવે ત્યાં સુધી, તે મિલકતનાં કબજામાં રાખવાં તે શહકદાર હોવાનું જાહેર કરતો અને છોડવવામાં ન આવે ત્યાં સુધી એના કબજામાં કોઈપણ પ્રકારે દાખલ ન કરવા ફરમાવતો હુકમ તેણે કાઢશે, અને પેટા કલમ-(૪) ના પરંતુક હેઠળ પોતે કાર્યવાહી કરે ત્યારે, જેની પાસેથી બળજબરીથી અને ગેરકાયદે કબજો લઈ લેવામાં આવ્યો હોય તે પક્ષકારને

અનુસંધાન પાના નં. ૭ પર